DAY —— 03 SEAT NUMBER | | | | | |

| 2023 | II | 23 | 1100 | J-210 | (G) |
|---|---|---|---|---|---|

# GUJARATI (03)

Time : 3 Hrs. (12 Pages) Max. Marks : 80

## [ વિદ્યાર્થિઓ માટે સૂચના ]

→ આકલન કૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિઓ પેનથી દોરવી, પેન્સિલથી નહિ.

→ જરૂર જણાય ત્યાં ઉત્તર પૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંનાં નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

## વિભાગ - ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ ૧. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. [૮]

(૧) કોણ તે કહો : (૨)

(i) જેમની મિલકત અને પૂંજી શેઠ નંદનંદનના ઘરે અનામત રૂપે રહેતી.

( )

( )

(ii) શેઠ નંદનંદન વિશે પ્રામાણિકતાની વાતો કરનાર.

( )

(iii) નંદનંદને જેના અનામત રાખેલા પૈસા પાછા ન આપ્યા.

( )

અગ્નિકુમાર : સજ્જનો, સહુ કોઈને મોંએ આપણે સાંભળીએ છીએ કે પ્રામાણિકતા એ જ જીવનવહેવારનો પાયો હોવો જોઈએ. પ્રામાણિકતાનો અર્થ માત્ર રૂપિયા, આના, પાઈની લેવડદેવડ એટલો જ ન કરવો જોઈએ. કૈલાસવાસી નંદનંદન શેઠે આ વસ્તુને જીવનમાં આચરી બતાવી હતી. કેટલાક પ્રસંગોનો તો હું સાક્ષી રહ્યો છું. કોઈની પણ ખોટી પાઈ પોતાને ત્યાં રહી જાય એનું એમને ભારે દુઃખ હતું અને એના ખરા હક્કદાર માલિકને શોધી કાઢીને એને એ રકમ ન પહોંચાડે ત્યાં લગી એમને ચેન ન'તું પડતું. કેટલાંક અનાથ બાળકોની મિલકત કે વિધવાઓની પૂંજી એમને ત્યાં અનામતરૂપે રહેતી અને એમાંના એકએકની એ અંતરની દુવા પામતા. ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો...

[અંધારું]

[પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તનો દરબાર દૃષ્ટિસંમુખ આવે છે.]

નંદનંદન : જૂઠી વાત, સાવ જૂઠી વાત.

મૂળી ડોશી : આખી જિંદગી એણે એની જૂઠી વાત મનાવી. પણ અહીં તો કબૂલ કર્યે જ છૂટકો છે.

નંદનંદન : પણ શું કબૂલ કરું ? તમારું કપાળ ?

ચિત્રગુપ્ત : નંદનંદન, તમારે ત્યાં અનેક જણ અનામત મૂકવા આવતા એ તો ખરું ને ?

નંદનંદન : હાસ્તો, એ તો શાખ વધારે એટલે સહુ કોઈ મૂકી જાય; મારે તો ઉપરથી નાગ જેમ એની ચોકી કરવાની મળતરમાં આવી બદનામી.

મૂળી ડોશી : નંદુભાઈ, તમને મેં આવા નો'તા ધાર્યા.

નંદનંદન : મૂળીબાઈ, તમે મને શું ધાર્યો' તો એ સાથે હું કેટલી નિસ્બત ધરાવી શકું ? મારે બીજું પણ કામ કરવાનું છે કે નહિ ?

ચિત્રગુપ્ત : બીજું કામ એટલે તો ધનપ્રાપ્તિનું ને? અર્થોપાર્જનનું જ ને?

નંદનંદન : હાસ્તો, જે જવાબદારી હોય એ તો અદા કરવાની જ ને?

| | | |
|---|---|---|
| ચિત્રગુપ્ત | : | હું એ જ કહેતો હતો ! અહીં એ ખુશાલ થતું હતું. આ અનામત રાખવી એ પણ એક અર્થોપાર્જન જ હતું ને ! કેટલાને તમે મૂડી પાછી આપી ? કેટલાને ખરો અવેજ પાછો આપ્યો ? કેટલાના ડબ્બા તમે ઓળવ્યા ? |
| નંદનંદન | : | આ ખોટી વાત છે. |
| ચિત્રગુપ્ત | : | આ મૂળીબાઈના નાણાં તમે પાછાં આપેલાં ? |
| નંદનંદન | : | ના, કારણ કે એ નાણાં એમનાં હતાં જ નહીં ! |
| મૂળી ડોશી | : | ત્યારે કોનાં હતાં ? |
| નંદનંદન | : | ધર્માદાનાં. મૂળી ડોશીએ એમ કહીને જ મૂક્યાં હતા. |
| મૂળી ડોશી | : | નરદમ જૂઠાણું છે. એવું મે કહ્યું જ નથી. |
| નંદનંદન | : | એમાં કહેવાની જરૂર શી ? કોઈનો વંશવારસ હોય નહિ તો એનું ધન તો ધર્માદાનું જ કહેવાય ને ? |
| ચિત્રગુપ્ત | : | એટલે કે એના વારસ અને ઉપભોગ કરનાર તમે ખરું ને ? |
| નંદનંદન | : | તમે લોક માત્ર એક જ વિચાર કરો છો. એની જવાબદારી પણ સમજી લેવી જોઈએ. |
| ચિત્રગુપ્ત | : | કોઈની આખી જિંદગીની કમાણી તમે ઓળવી લો અને એને ભૂખે મરવાનો વારો આવે એવો વિશ્વાસઘાત કરો. એ જ તમારી જવાબદારી ને ? |
| નંદનંદન | : | મને અહીં ન્યાય મળે એમ લાગતું નથી. |
| ચિત્રગુપ્ત | : | કારણ કે તમે સાચો ન્યાય શો છે એ સમજતા નથી. |

(૨) ગદ્યાંશને આધારે લખો : (૨)

(i) અગ્નિકુમારના મતે નંદનંદનને દુઃખ થતુ જ્યારે ..................

(ii) નંદનંદનના મતે અનામત રાખેલ ધન ધર્માદાનું કહેવાય જ્યારે ..................

(૩) નીચેના શબ્દો માટે ગદ્યાંશમાં વપરાયેલા શબ્દ લખો : (૨)

(i) પૈસો .........

(ii) આશિષ .........

(iii) અસત્ય .........

(iv) સર્પ .........

(૪) 'સાચો ધર્મ - માનવ ધર્મ' વિશે તમારા વિચાર જણાવો. (૨)

(આ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. [૮]

(૧) વાંચો, વિચારો અને લખો : (૨)

(i) 'કાલો ન યાન્તિ વયમેવ યાતાઃ' એવું કહેનાર -

....................

(ii) થડ પડ ચડવા જાય પણ ગબડી પડનાર -

....................

(iii) ડાળીઓ પર સાતતાળી રમનાર -

....................

(iv) નાયિકાને ફલેટો જોવા આવવાનું કહેનાર -

....................

લીમડાનું થડ ખિસકોલીઓને રમવાની નિસરણી. વગર અટકે નીચી ડાળીઓ સુધી ચડી જાય અને ડાળીઓ પર સાતતાળી રમતી દોડે. કાળી કીડીઓ પણ થડ પર ચડવા જાય પણ ગબડી પડે. પડે આખડે તોય ચડતી રહે. ગબડે, વળી પાછી ચડે. સતત મિનિટો સુધી સાધના કરતી રહે... છેવટે થોડું ચડે અને પાછી વળી જાય. જાણે પુરવાર કરવું હોય કે, 'જુઓ હું ચડી શકું છું ! અદ્‌ભુત લાગતું હતું એ બધું કિશોરાવસ્થા અને યુવાનીના શરૂઆતનાં થોડાં વર્ષોમાં એ નાનકડા એકમાળિયા બંગલામાં. લીમડાના આગ્રહપૂર્ણ અસ્તિત્વ સાથે જીવવાનાં વર્ષો વીતી ગયાં ખાસ ખબર જ ન પડી. ભર્તૃહરિ કહે છે. 'કાલો ન યાતો વયમેવ યાતા.' એવું નથી કાળ પણ જાય છે અને આપણે પણ કાળના એ ખંડમાંથી જતા જ રહીએ છીએ, નવા કાળખંડમાં નવું જોવા, નવું જીવવા, નવું માણવા, નવું મહાલવા, નવું જીરવવા.


વર્ષો વીત્યાં ભાડાનું ઘર હતું. છોડવાનું થયું તો છોડી દીધું. લીમડો સ્મરણમાં સાથે રહી ગયો.

ઘણાં વર્ષો વીતી ગયાં. લીમડા સાથે ગાળેલો એ સમય પાછળ ને પાછળ જતો ગયો. યાદ પણ ક્યારેક જ આવતો. ત્યાં એક વાર એ રહેઠાણના એક જૂના પડોશી મળ્યા. કહ્યું, 'હવે તો તમારાવાળા બંગલામાં ફલેટો થઈ ગયા છે. સરસ ફલેટો છે. જોવા આવવું છે ? આવજો, લઈ જઈશ.

સંવેદનશીલ મારું મન ક્ષણિક લાગણીવશ થયું હતું. 'ચાલ એક વાર જોઈ આવું એ જગ્યા.' ત્યાં જ બુદ્ધિએ યાદ કરાવ્યું. 'પાછું વાળીને ન જોઈશ, પત્થર થઈ જવાય.' આ વિધાનનો

ગર્ભિત અર્થ જે હોય તે પણ એ વાત યાદ આવતાં જ મન અટકી ગયું. મેં સહજ પૂછી લીધું 'ત્યાં ખૂબ બધા લીમડા હતા તે છે ?' 'ના રે ના કોણ રહેવા દે ?' ઉપરના માળને આડે ન આવે ? એકાદ જ રહ્યો છે.'

(૨) અનુબંધ પૂર્ણ કરો : (૨)




(૩) વિસંગત શબ્દ ઓળખીને લખો : (૨)

| | | | | |
|---|---|---|---|---|
| (i) | ઘર | આંગણું | મકાન | આવાસ |
| (ii) | સાધના | ઉપાસના | સાધક | તપ |
| (iii) | સ્મરણ | યાદ | સ્મૃતિ | વિસ્મરણ |
| (iv) | સ્થાયી | નાશવંત | ક્ષણભંગુર | ક્ષણિક |

(૪) 'વૃક્ષ તારાં ગુણ અપાર' વિશે તમારા વિચાર જણાવો. (૨)

(ઈ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો : [૪]

(૧) સમજીને લખો : (૨)

(i) પ્રાપ્ત શક્તિનો ઉપયોગ કરી સંતો જે કાર્ય કરે તે - ☐

(ii) સેવા કરનાર કહેવાય - ☐


(iii) સાધના કરનાર કહેવાય - ☐

(iv) સાચા સંતો હોતા નથી - ☐

માનવમાત્રના જીવનમાં વસંત સર્જવાની ક્ષમતા ધરાવે તે સંત! સાધના દ્વારા ઈશ્વરનું અનુસંધાન સાધીને સંતો સશક્ત બને છે અને એ પ્રાપ્ત શક્તિનો સેવામાં ઉપયોગ કરીને સંતો સમાજોત્થાનનું કાર્ય કરે છે. સાધનાથી મળેલી શક્તિનો ઉપયોગ કર્મયોગમાં થાય છે અને કર્મયોગથી પ્રાપ્ત થતું પુણ્ય એમની સાધનાને સુગમ બનાવે છે. ટૂંકમાં સાચા સંતમાં સાધના અને કર્મયોગનો સમન્વય જોવા મળે છે.

ભારતીય સંતો હિમાલયમાં ચાલ્યા જાય છે, એમને સમાજ જોડે લાગેવળગે નહીં એ કથન સત્યથી વેગળું છે. સાચા સંતો કદી પલાયનવાદી હોતા નથી. સાધના કરીને શક્તિસંપન્ન થવા થોડો સમય એ લોકો એકાંતમાં જાય, પરંતુ પાછા આવીને એ મહામાનવો અદ્‌ભુત કાર્ય કરી બતાવે છે. સાધના કરનાર સાધક કહેવાય છે અને સેવા કરનાર સેવક કહેવાય છે. સંતોમાં આ બંનેનો સમન્વય જોવા મળે છે. સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસ પાસેથી પ્રાપ્ત થયેલી આધ્યાત્મિક શક્તિ દ્વારા અનુપમ એવું રાષ્ટ્રોત્થાનનું કાર્ય કરી દેખાડ્યું. ભગવાન મહાવીર કે બુધ પણ ચોક્કસ સમય માટે થોડા અલિપ્ત થયા હતા પણ એ તપશ્ચર્યાથી પ્રાપ્ત શક્તિથી વિશ્વકલ્યાણનું અદ્‌ભુત કાર્ય કરી દેખાડ્યું.

(૨) આકૃતિ પૂર્ણ કરો : (૨)




## વિભાગ - ૨ પદ્ય (૧૬ ગુણ)

[૬]

કૃતિ ૨. (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) મને ઓળખો : (૨)

(i) હું ગાડાના વહનનો વહેમ રાખું છું.

(ii) હું કર્તાપણાનું મિથ્યાભિમાન રાખું છું.

(iii) સૃષ્ટિનું વાસ્તવિક સત્ય અમે જાણીએ છીએ.

(iv) હું દરેક જન્મે હરિને જ યાચું છું.

‘હું કરું હું કરું’ એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે. - જે.

નીપજે નરથી તો કોઈ નવ રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહીં, ભવન ભવન પર છત્ર દાખે. - જે.
ઋતુ લતા-પત્ર-ફળ-ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે,
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.- જે.
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું,
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે : જન્મ-પ્રતિજન્મ હરિને
જ જાચું.-જે.

(૨) નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલ વિરોધી શબ્દ લખો : (૨)

(i) મિત્ર × ..........

(ii) સુખી × ..........

(iii) મૃત્યુ × ..........

(iv) રાજા × ..........

(૩) "ધાર્યું તો ધણીનુંજ થાય" તમારા વિચાર સ્પષ્ટ કરો. (૨)

(આ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. [૬]

(૧) સમજીને લખો : (૨)

(i) એ ચંદ્રમાનું આંસુ છે. ............

(ii) રસ્તામાં મુસાફરને પાણી પાવાની ધર્માદા જગ્યા. .........

(iii) સૂકી ડાળે બેસનાર. ...........

(iv) ચંદ્રમાનું આંસુ લૂછનાર. ..........

ઝાકળબિંદુ
ચંદરમાનું આંસુ
લૂછે સૂરજ.

કોરી મટકી
શીતળ પાણી, એણે
પરબ માંડી.

સૂકેલી ડાળે
પોપટ બેઠો : પાન
ચોગમ લીલાં.

(૨) નીચેના શબ્દો માટે પદ્યાંશમાં વપરાયેલાં શબ્દો લખો - (૨)

(i) ઠંડું = .........

(ii) પર્ણ = .........

(iii) જળ = .........

(iv) ચારે તરફ = .........

(૩) "પરોપકાર જીવનનો શણગાર" તમારા વિચારો જણાવો. (૨)

(ઇ) નીચેનાંમાંથી <u>કોઇપણ એક</u> કાવ્યનો રસાસ્વાદ કરાવો : (૪)


(૧) 'તીર્થોત્તમ'

(૨) 'પહેલો વરસાદ'

## વિભાગ - ૩ સાહિત્ય પ્રકાર (૧૨ ગુણ)

**કૃતિ ૩. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો - (૨)




જાણે ભૂરીથી એક ઘડીયે જુદાં ન પડવાનો નિરધાર કર્યો હોય એમ સૂરજડોશી ભૂરીની પાસે બેસી જ રહ્યાં. ન તો તેમને રોટલા કરવાનું ભાન રહ્યું, ન તો ભૂરીને ઓગાઠ નાખવાનું ભાન રહ્યું.

ભૂરીને અળગી કરતાં સૂરજડોશીનો જીવ કપાઈ જતો હતો. ભૂરી સાથે એવી તો માયા બંધાઈ ગઈ હતી કે તેને નજરથી દૂર કરી શકતાં ન હતાં. છેલ્લાં દસેક વર્ષથી તો એ બંને જણ સુખદુઃખનાં સાથી બની ગયાં હતાં. ભૂરીને ઉછેરીને મોટી કરનાર સૂરજડોશી હતાં. મમતાથી તેઓ ભૂરીને પાળતાં આવ્યાં હતાં. સૂરજડોશીની જિંદગીમાં માયા-મમતા રાખે એવું બીજું હતુંય

કોણ? એક દીકરી હતી એ તો સાસરે ઘર કરીને રહી હતી. પંડે વિધવા બાઈ એકલી કરે શું? એટલે તો જીવનની રહીસહી લાગણી ભૂરીમાં રેડી હતી. એમની આખા દિવસની પ્રવૃત્તિ પણ ભૂરીમય થઈ ગઈ હતી. ભૂરીને ચાર નીરવી, ભૂરીને દોહવી, ભૂરીને ચરવા લઈ જવી, ભૂરીને પાણી પાવા લઈ જવી, ભૂરીનું છાણ ઉપાડવું. ભૂરીની જગ્યા કોરી કરવી અને ભૂરી સાથે વાતો કરવી. કોઈને નવાઈ લાગશે, પણ સૂરજડોશી સાચે જ ભૂરી સાથે વાતો કરતાં. જે રીતે મા દીકરીને ઠપકો આપે, વઢે, ઝઘડે અને વહાલ કરે.... એ બધું સૂરજડોશી ભૂરી સાથે કરતાં. ભૂરીએ સૂરજડોશીના જીવતરમાં દીકરી કરતાંય વધુ નજીકનું સ્થાન લઈ લીધું હતું. એ ભૂરીને હવે આંખથી અળગી કરવાનો સમય આવ્યો હતો. કાલે તો ભૂરીને દોરી જશે એ વિચારમાત્રથી સૂરજડોશીનું હૈયું ચિરાઈ જતું હતું.

(૨) નીચેની ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો : (૨)

(i) ન તો ભૂરીને ઓગાઠ નાખવાનું ભાન રહ્યું.

(ii) ભૂરીને હવે આંખથી અળગી કરવાનો સમય આવ્યો હતો.

(iii) સૂરજડોશી ભૂરીની પાસે બેસી જ રહ્યાં.

(iv) ન તો તેમને રોટલા કરવાનું ભાન રહ્યું.

(૩) અબોલ પ્રાણીના જતન માટે તમે કેવા પ્રયત્ન કરી શકો જણાવો. (૨)

**(આ) ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં જવાબ લખો (કોઈપણ એક) : (૪)**

(૧) ‘જમનાના આક્રોશ અને દર્દ માટે સમાજ જવાબદાર છે’ તમારો મત ‘શહીદનો દીકરો’ પાઠને આધારે લખો.

(૨) ‘સરપ્રાઈઝ’ વાર્તા પરથી તમને મળતો સંદેશ લખો.

**(ઈ) ૫૦ થી ૬૦ શબ્દોમાં જવાબ લખો (કોઈપણ એક) : (૨)**

(૧) ટૂંકીવાર્તાના ઉદ્‌ભવ વિશે જણાવો.

(૨) ટૂંકીવાર્તામાં વસ્તુનું મહત્વ લખો.

## વિભાગ - ૪ વ્યાકરણ (૧૪ ગુણ)

**કૃતિ ૪. સૂચના પ્રમાણે કરો (કોઈપણ સાત) : [૧૪]**

(૧) સંધિ છોડો : (૨)

(અ) જગદીશ = જગત્ + .....

(બ) વ્યાખ્યાન = ....... + આખ્યાન

(ક) કિશોરાવસ્થા = કિશોર + .......

(ડ) પ્રત્યુત્તર = .....+ ઉત્તર

(૨) યોગ્ય વિકલ્પ શોધીને વિશેષણ-વિશેષ્ય લખો : (૨)

(અ) સમી ........

(૧) સાંજ (૨) રાત (૩) સવાર

(બ) ધોમધખતો .........

(૧) પાપ (૨) તાપ (૩) માપ

(ક) ....... દાટ

(૧) સોધું (૨) મોઘું (૩) બોધુ

(ડ) ......... ઘૂંટડો

(૧) ખારો (૨) તીખો (૩) કડવો

(૩) ઉપમા સંબંધિત યોગ્ય જોડી જોડો : (૨)

| 'અ' | 'બ' |
|---|---|
| (અ) ઉજળું | (i) શિયાળ |
| (બ) કઠણ | (ii) તરણું |
| (ક) તુચ્છ | (iii) વજ્ર |
| (ડ) લુચ્ચું | (iv) વાઘ |
| | (v) દૂધ |

(૪) અર્થભેદ લખો : (૨)

(અ) શાપ - ..........; સાપ - ..........

(બ) રવિ - ........; રવી - ..........

(૫) કાળ પરિવર્તન કરો : (૨)

(અ) હું બપોરે નિયમિત રીતે રેડિયો સાંભળું છું. (ભૂતકાળ)

(બ) મને એ સોનાનું પિંજરું લાગતું હતું. (વર્તમાનકાળ)

(૬) નીચેની કહેવતની વિરુધ્ધાર્થી કહેવત લખો : (૨)

(અ) ઝાઝા હાથ રળિયામણા ..........

(બ) નમ્યું તે ભગવાનને ગમ્યુ ........

(૭) અર્થ બદલ્યા વિના વાક્ય રૂપાંતર કરો : (૨)

(અ) હું મારી માંદગી ભૂલી જવા ઈચ્છતો હતો.

(બ) સમજીને પગલું ભરવું જોઈએ.

(૮) અલંકાર ઓળખો : (૨)

(અ) અરે, તમે તો હીરો! છેલ્લી પાટલીએ બેસનારા.

(બ) ગોઠવણ ગોવિંદે કીધી.

(૯) રસ ઓળખો : (૨)

(અ) વિશાળે જગ વિસ્તરે, નથી એક માનવી, પશુ છે, પક્ષી છે,
વનોની છે વનસ્પતિ.

(બ) પાન લીલું જોયુંને તમે યાદ આવ્યાં
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ.

## વિભાગ - ૫ લેખન કૌશલ્ય (૧૮ ગુણ)

કૃતિ ૫. (અ) નીચેનામાંથી કોઈપણ બે કૃતિ કરો : [૧૦]

(૧) નીચેની જાહેરખબરના અનુસંધાનમાં અરજી કરો.
(ઈ-મેઈલ સ્વરુપમાં) (૫)

> ગુજરાત સમાચાર તા. ૧૨/૦૧/૨૦૨૩
>
> **જોઈએ છે - સમાચાર પત્રના તંત્રી**
>
> <u>યોગ્યતા</u> - ગુજરાતી વિષયમાં એમ.એ. અપેક્ષિત
>
> <u>અનુભવ</u> - ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ જરૂરી.
>
> સંપર્ક - જન્મભૂમિ કાર્યાલય, દાદાભાઈ રોડ,
> સી.પી. ટેંક, મુંબઈ-૪૦૦૦૦૩
>
> ઈ-મેઈલ - priya24@gmail.com

(૨) માહિતીનું રૂપાંતરણ કરો : (૫)

અશ્મયુગીન કાળના ગુફાચિત્રો અનેક દેશોમાં મળી આવે છે. ભારતમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગણા રાજ્યોમાં ગુફાચિત્રો ધરાવતા સ્થળો છે. મધ્યપ્રદેશમાં ભીમબેટકામાં આવેલ ગુફાચિત્રો પ્રસિદ્ધ છે. ભીમબેટકાનો સમાવેશ જાગતિક સાંસ્કૃતિક વારસાસ્થળોમાં કરવામાં આવ્યો છે.

ગુફાચિત્રોમાં મુનષ્યાકૃતિ, પ્રાણી અને કેટલીક ભૌમિતિક આકૃતિઓનો સમાવેશ હોય છે. પુરાશ્મયુગથી ખેતીની શરૂઆત થઇ ત્યાં સુધીના કાળ દરમ્યાન ચિત્રોની શૈલી, તેમના વિષયમાં ફેરફાર થતો જોવા મળે છે. ચિત્રોમાં નવા પ્રાણી અને વનસ્પતિનો સમાવેશ જોવા મળે છે, તેમજ મનુષ્યાકૃતિના રેખાંકનોની પદ્ધતિમાં અને વપરાયેલા રંગોમાં પણ ફરક હતો. આ ચિત્રોમાં નૈસર્ગિક દ્રવ્યોથી તૈયાર કરેલા કાળો, લાલ, સફેદ જેવા રંગો વપરાયા છે તે કાળના લોકોમાં તેમના પરિસર વિશેનું જ્ઞાન અને નૈસર્ગિક સ્ત્રોતોનો ઉપયોગ કરવાના તંત્રજ્ઞાનનો કઇ રીતે વિકાસ થતો ગયો, તેની કલ્પના આ ચિત્રો દ્વારા કરી શકાય છે.


લોકચિત્રકળાની પરંપરા ગુફાચિત્રોની પરંપરા સાથેનો સંબંધ વ્યક્ત કરે છે. ઘરમાં લગ્નપ્રસંગે, તહેવારોમાં ભીંત પર ચિત્રો દોરવા, આંગણામાં રંગોળી પૂરવી તેમજ ચિત્રોની મદદથી આખ્યાનો કહેવા દ્વારા પ્રાદેશિક લોકકલા પરંપરાની વિવિધ ચિત્રશૈલી વિકસિત થઈ.

(૩) ખ્યાતનામ વૈજ્ઞાનિકની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો. (૫)

(આ) નીચેનામાંથી કોઈપણ એક કૃતિ કરો : (૮)

(૧) તમારી કોલેજમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના અનુસંધાને પ્રાસંગિક વક્તવ્ય તૈયાર કરો.

(૨) નીચેનું ચિત્ર જોઈ સ્વરચિત કાવ્ય / વાર્તા / સંવાદ / પરિચ્છેદ લખો.



◆◆◆